"સાચી ચેતના ગુજરાતની" ૧૯-૦૧-૨૦૧૫ સોમવાર
# ગુજરાત ચેતના
દાહોદ–પંચમહાલ જીલ્લાનું ગૌરવાન્વિત થતું આપણું સાંધ્ય દૈનિક

# ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દાહોદ દ્વારા તાલીમાર્થીઓની એક પોઝર વીઝીટ



દાહોદ ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દ્વારા ચાલતી વોકેશનલ ટ્રેનીગ જે આદિજાતી વિકાસ વિભાગ તથા ડી–સેગ ગાંધીનગરના સહયોગથી તેમજ .આઈ.ઝેડ. ના તકનીકી માગદશન ધ્વારા ચાલે છે. જેમા બાંધકામને લગતી વિવિધ તાલીમો અનુંસુચીત જનજાતી ના લાભાથી ઓ માટે ચલાવવામાં આવે છે. તેમાં કડીયા કરીગર,પ્લંબર,પેન્ટર,શટરીંગ અને કારપેન્ટર બાર બાઈન્ડીગ વગેરે ની તાલીમો ચલાવવામાં આવે છે તેના ભાગરૂપે પ્લંબરના તાલીમાથી ઓની એક એકસપોઝર વિઝીટ થી થશ કોમ્પલેક્ષ ચાકલીયા રોડ દાહોદ ખાતે યોજવવામા આવી હતી. જેમા તાલીમાથી ઓને પ્લંબીગ ને લગતી પુરતી માહીતી ત્યાંના બીલ્ડર અને એન્જીનીયર શ્રી શેખ સફદરભાઈ લીમખેડાવાલા અને શ્રી અકબરભાઈ પકડા એ આપી હતી. જેનાથી તાલીમાથી ઓની કૌશલ્યતામાં વધારો થાય અને તેમને પ્લંબીગ વિશે સંપૂર્ણ જ્ઞાન મળી રહે તેવું માગ દર્શન આપવામા આવ્યુ હતું. સંસ્થા દ્વારા કડીયા ,પ્લંબર,શટરીંગ, બારબાઈન્ડર અને સહાયક વક સુપરવાઝરની પણ એક્ષપોઝર વિઝીટનું અવાર નવાર આ કોમ્પલેક્ષમાં આયોજન કરવામાં આવે છે. થી થસ કોમ્પલેક્ષ એ એક કોમશી યલ કમ રેસીડેન્સીયલ પ્રોજેક્ટ છે જેની ડીઝાઈન અને બાંધકામ ની ગુણવત્તા તેનું પાણીંગમા હવા ઉજાસ ડ્રેનેજલાઈન,પાણી ની ઉચ્ચતમ વ્યવસ્થા તથા બાંધકામમાં ધ્યાન રાખવાના તમામ પાસાઓ ની માહીતી યોગ્ય રીતે વિસ્તારથી મળી રહે છે તથા તેમની સારી ગુણવત્તાવાળી બાંધકામની ઈમારત જોવા મળે છે. આ વિઝીટ દ્વારા તાલીમાથી ઓને જરૂરી માહીતી ત્યાંથી મળે છે તથા ત્યાંના પ્રોજેક્ટ મેનેજમેન્ટ દ્વારા પણ સાથ અને સહકાર અવાર નવાર મળતો રહે છે તે માટે સંસ્થા તેઓનો આભાર માને છે. તથા ભવિષ્યમાં પણ આ રીતની વિઝીટ નું આયોજન કરીશુ જેનાથી તાલીમાથી ઓને સચોટ જ્ઞાન આપી શકાય. આ વિઝીટમાં સંસ્થાના ટેકનીકલ કો–ઓડી નેટર સુબોધ વાઘેલા, ડેમોન્સ્ટ્રેટર લીમ્બાભાઈ અમલીયાર, વાલચંદભાઈ રોહીડ, વિજય ભાટીયા અને મિતેશ મોઢીયા પણ હાજર હતા અને તાલીમ વિશે માહીતી આપી હતી.

ઉત્તમ પ્રકારની
"HVN Bricks"
માટે સંપર્ક કરો.
સરનામુ :- રૂપાખેડા
મો.નં.7874418493-9913014506-9925945729.